## માનસિક-શારીરિક અપંગ બાળકનું નામ આજીવન કુટુંબપેન્શનર તરીકે દાખલ કરવા સમયે માંગવાનાં પ્રમાણપત્રો અંગે

હિસાબ અને તિજોરીનિયામકની કચેરી, પરિપત્ર નંબર : હિતિનિ/ટીસી/ફા.134/મા.શા.અશક્ત/77
બ્લોક નં.17; ડો. જી. મ. ભવન સંકુલ, ગાંધીનગર, તા.4-1-2008
પરિપત્ર ક્રમાંક : 2/2008

આથી શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓનું ધ્યાન દોરતાં જણાવવાનું કે, નાણાં વિભાગના તા.6-10-'99 ના ઠરાવથી પેન્શનરના માનસિક તેમજ શારીરિક રીતે અસ્થિર અથવા અપંગ પુત્ર-પુત્રીના કિસ્સામાં આજીવન કુટુંબપેન્શનર તરીકે દાખલ કરવાની જોગવાઈ આવેલ તથા તે અંગે અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક : 23/2003 તા.2-9-2003 તેમજ પ્રસ્તુત જોગવાઈઓને કારણે વહીવટી પ્રશ્નો ઉપસ્થિત થયેલ છે. નાણાં વિભાગના તા.6-10-'99 ના ઠરાવના કાળજીપૂર્વકના અભ્યાસના અંતે જણાવેલ છે કે, પ્રસ્તુત બાબતનું પ્રમાણપત્ર તબીબી અધિકારીશ્રીએ આપવાનું રહેતું નથી. જેથી અત્રે તા.22-9-'03 ના પરિપત્રના મુદ્દા નં.3 ની જોગવાઈ રદ કરવામાં આવે છે. પરિપત્રની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

(1) તા.6-1-'99 ના ઠરાવના પરિશિષ્ટ-2 ના અનુક્રમ નં.3 મુજબ "માનસિક અસ્થિરતા/બંધ/અપંગતા તે સંતાનની કુટુંબપેન્શન મેળવવાની ઉંમર (25 વર્ષ) દરમ્યાન આવેલ છે, તેની મેં જાતે ખાતરી કરેલ છે." તેવું પ્રમાણપત્ર પેન્શન મંજૂર કરનાર સત્તાધિકારીશ્રી દ્વારા આપવાનું નિયત કરેલ છે. તેથી ઉક્ત લખાણ સિવિલસર્જનનું પ્રમાણપત્ર મેળવવાનું રહેતું નથી.

(2) તા.6-10-'99 ના ઠરાવના પરિશિષ્ટ-2 ના અ.નં.2 મુજબ, "પેન્શનરશ્રીનું સંતાન તેમના જીવનનિર્વાહ પૂરતું કમાવવાને અશક્તિમાન છે, તેની મેં જાતે ખાતરી કરેલ છે." તેવું પ્રમાણપત્ર પેન્શન મંજૂર કરનાર સત્તાધિકારીએ આપવાનું નિયત કરેલ છે. તેથી ઉક્ત લખાણ સિવિલસર્જનના પ્રમાણપત્રમાં મેળવવાનું રહેતું નથી. આ સુધારેલ જોગવાઈ ધ્યાને લઈ હાલ પેન્ડિંગ રહેલ કેસોમાં પણ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

સહી, સત્તાધિકારી
હિસા અને તિજોરીનિયામકની કચેરી.